પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૬) અંક નં. ૨૦૧ | ૧ ઓક્ટોબર, ૨૦૨૧, શુક્રવાર; ભાદરવા વદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# અમરિંદરસિંહ કોંગ્રેસ છોડવા મક્કમ

## ભાજપમાં નહીં જોડાય : કોંગ્રેસને ફરી એક વખત આંચકો લાગવાની તૈયારી : કોંગ્રેસમાં વ્યવહાર થયો તે અપમાનજનક છે, સાડા દસ વાગ્યે હાઈકમાન્ડે ફોન પર રાજીનામાનો આદેશ આપ્યો

ચંદીગઢ, તા.૩૦

કોંગ્રેસ પાર્ટીને ફરી એકવાર મોટો ઝટકો લાગવાનો છે. પૂર્વ મુખ્યમંત્રી અમરિંદર સિંહે કોંગ્રેસ છોડવાની જાહેરાત કરી છે. એક ટીવી ન્યુઝ ચેનલ સાથેની વાતચીતમાં અમરિંદર સિંહે કોંગ્રેસ છોડવાની અટકળોની પૃષ્ટિ કરી છે. આ સાથે જ અટકળોનો અંત લાવતા તેમણે કહ્યું કે તેઓ ભારતીય જનતા પાર્ટીમાં જોડાશે નહીં. આ પરથી લાગી રહ્યું છે કે અમરિંદર સિંહ આવતા વર્ષે થનારી પંજાબની ચૂંટણી પહેલા નવી પાર્ટી લોન્ચ કરી શકે છે.

અમરિંદર સિંહે ૧૮મી સપ્ટેમ્બરના રોજ પંજાબ કોંગ્રેસના મુખ્યમંત્રી પદ પરથી રાજીનામુ આપ્યુ હતું. અમરિંદરે એક ન્યુઝ ચેનલ સાથેની વાતચીતમાં કહ્યું કે, હું અત્યાર સુધી કોંગ્રેસમાં છુ પણ આગળ નહીં રહુ. ઉલ્લેખનીય છે કે ગઈકાલે અમરિંદર સિંહે નવી દિલ્હીમાં ગૃહ મંત્રી અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. આ મુલાકાત પછી અમરિંદર સિંહ ભારતીય જનતા પાર્ટીમાં જોડાશે તેવી અટકળો ચાલી રહી હતી.અમરિંદર સિંહે કહ્યું કે, હું આ પ્રકારનો વ્યવહાર સહન ના



કરી શકું. ૫૦ વર્ષ પછી મારી વિશ્વસનીયતા પર શંકા કરવામાં આવી રહી છે. આ અસહ્ય છે. અમરિંદર સિંહે પોતાની નારાજગી વ્યક્ત કરતા કહ્યું કે, જે પ્રકારે મારી સાથે કોંગ્રેસમાં વ્યવહાર થયો તે અપમાનજનક છે. સાડા દસ વાગ્યે હાઈકમાન મને ફોન કરે છે કે તમે રાજીનામુ આપી દો. મેં એક પણ વાર પૂછ્યું નહીં કે કેમ, મેં તરત રાજીનામુ લખીને ચાર વાગ્યે રાજ્યપાલને આપી દીધું. જો ૫૦ વર્ષ પછી પણ મારી વિશ્વસનીયતા પર શંકા થાય છે તો પછી કંઈ બાકી નથી રહ્યું.

# કોરોનાનો પ્રકોપ હજુ ઘટ્યો નથી, તકેદારી રાખવા સલાહ

## કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે ચેતવણી આપી

નવી દિલ્હી , તા.૩૦

કોરોના મહામારીનો પ્રકોપ હજુ ખતમ થયો નથી. ગુરૂવારે કેન્દ્રીય સ્વાસ્થ્ય સચિવ રાજેશ ભૂષણે કહ્યુ કે, કેરલમાં કોરોનાના કુલ કેસોની સંખ્યા ઘટી છે પરંતુ દેશના કુલ કોરોના કેસમાં અડધાથી વધુ એક્ટિવ કેસ કેરલમાં છે. સ્વાસ્થ્ય વિભાગ તરફથી જાણકારી આપવામાં આવી કે દેશભરમાં કોરોનાના સક્રિય કેસોમાં ઘટાડો થયો છે. મંત્રાલય પ્રમાણે રિકવરી રેટ વધ્યો છે. આ સમયે દેશમાં રિકવરી રેટ ૯૮ ટકા છે.

પરંતુ કોરોનાથી હજુ સંપૂર્ણ મુક્તિ મળી નથી. સ્વાસ્થ્ય મંત્રાલય પ્રમાણે દેશના ૧૮ જિલ્લામાં હજુ પણ દર સપ્તાહે પથી ૧૦ ટકા કોરોનાના પોઝિટિવ કેસ આવી રહ્યાં છે. તહેવારોની સીઝન જોતા કેન્દ્રીય સ્વાસ્થ્ય મંત્રાલયે લોકોને અપીલ કરી છે કે તે ભીડવાળી જગ્યાઓ પર જવાથી બચે, શારીરિક અંતર જાળવીને રાખે અને માસ્કનો ઉપયોગ જરૂર કરે. સ્વાસ્થ્ય મંત્રાલયે કહ્યું કે, કોરોના સાથે જોડાયેલા તમામ નિયમોનું પાલન કરતા તહેવારોનો આનંદ લો. કેરલમાં હજુ પણ સૌથી વધુ કોરોના કેસ છે. કેરલમાં ૧,૪૪,૦૦૦ કોરોના કેસ છે. જે દેશમાં કોરોનાના કેસોની સંખ્યાના ૫૨ ટકા છે. મહારાષ્ટ્રમાં ૪૦ હજાર એક્ટિવ કેસ છે. તમિલનાડુમાં ૧૭ હજાર, મિઝોરમમાં ૧૬૮૦૦, કર્ણાટકમાં ૧૨ હજાર અને આંધ્ર પ્રદેશમાં ૧૧ હજાર એક્ટિવ કેસ છે.

આઈસીએમઆરના ડીજી ડોક્ટર બલરામ



ભાર્ગવે કહ્યુ કે, આ સમયે બિનજરૂરી યાત્રાઓ ટાળવી જોઈએ અને તહેવારોની ઉજવણી કોરોનાના પ્રોટોકોલના પાલન સાથે કરવી જોઈએ.

ભૂષણે આગળ કહ્યુ કે, મહામારી હજુ ગઈ નથી. હાલના સમયે દેશમાં એવા ૪૮ જિલ્લા છે, જ્યાં પોઝિટિવિટી રેટ પાંચ ટકાથી વધુ છે. ૧૮ જિલ્લા એવા છે જ્યાં પોઝિટિવિટી રેટ પથી ૧૦ટકા છે. તેવા ૩૦ જિલ્લા છે જ્યાં પોઝિટિવિટી રેટ ૧૦ ટકાથી વધુ છે.

# સેન્સેક્સમાં ૨૮૭ પોઈન્ટનો કડાકો

## ફ્યુચર-ઓપ્શન ડેરિવેટિવની એક્સપાયરીની અસર : શાંઘાઈ અને સિયોલમાં શેર બજાર તેજી સાથે બંધ થયા

મુંબઈ, તા.૩૦

ફ્યુચર અને ઓપ્શન ડેરિવેટિવની એક્સપાયરીની વચ્ચે સ્થાનિક શેર બજાર ગુરૂવારે સતત ત્રીજા સત્રમાં ગિરાવટ સાથે બંધ થયા હતા. સેન્સેક્સ ૨૮૬.૯૧ પોઈન્ટ અથવા ૦.૪૮ ટકાની તૂટ સાથે ૫૯,૧૨૬.૩૬ પોઈન્ટના સ્તરે પર બંધ થયો. નિફ્ટી ૫મ ૯૩.૧૦પોઈન્ટ એટલે કે ૦.૫૩ ટકાની ગિરાવટ સાથે ૧૭,૬૧૮.૨૦ પોઈન્ટના સ્તરે બંધ થયો. નિફ્ટી પર પાવર ગ્રિડ, એક્સિસ બેંક, એશિયન પેઈન્ટ્સ, આયશર મોટર્સ અને હીરો મોટોકોર્પના શેરોમાં સૌથી વધુ નુકશાન જોવા મળ્યું. બીજી બાજુ બજાજ ફિનસર્વ, બજાજ ફાયનાન્સ, સન ફાર્મા, એનટીપીસી અને ટાટા મોટર્સના શેરોમાં સર્વાધિક ઊછાળો જોવા મળ્યા સેક્ટોરલ ફ્રન્ટની વાત કરવામાં આવે તો રિયાલિટી, ફાર્મા, પાવર અને પીએસયૂ બેંકિંગ સેક્ટરમાં લેવાલી જોવા મળી. તો વળી ઓટો, બેંક, આઈટી, મેટલ કંપનીઓના શેરોમાં વેચવાલી જોવા મળી.

બીએસઈ સેન્સેક્સ પર પાવરગ્રિડ, એશિયન પેઈન્ટ્સ, એક્સિસ બેંક, બજાજ ઓટો અને એસબીઆઈના સેરોમાં સૌથી વધુ ગિરાવટ જોવા મળી, આ ઉપરાંત કોટક મહિન્દ્રા બેંક, આઈસીઆઈસીઆઈ બેંક, મહિન્દ્રા એન્ડ મહિન્દ્રા, ટેક મહિન્દ્રા, લાર્સન એન્ડ ટૂબ્રો, ઈન્ફોસિસ, અલ્ટ્રાટેક સિમેન્ટ, ઈન્ડસઈન્ડ બેંક, આઈઈટીસી,

● અનુસંધાન પાન-૭ પર

# હેરોઈન કેસમાં ડ્રગ કાર્ટેલના મુખ્ય સૂત્રધારની ધરપકડ

## મુન્દ્રાથી પકડાયેલા ૨૧૦૦૦ કરોડના હેરોઈનનો કેસ : કેસમાં પકડાયેલા આરોપીઓ પાસેથી મળેલી માહિતીના આધારે સૂત્રધારને શિમલાથી ઝડપી લેવામાં આવ્યો

લખનૌ, તા.૩૦

ડિરેક્ટોરેટ ઓફ રેવન્યુ ઈન્ટેલિજન્સ (ડીઆરઆઈ) એ ગુજરાતના મુન્દ્રા પોર્ટ પર બે કન્ટેનરમાંથી આશરે રૂ. ૨૧,૦૦૦ કરોડની કિંમતનું ૩,૦૦૦ કિલો અફઘાન હેરોઈન જપ્ત કર્યાના એક પખવાડિયા પછી ડીઆરઆઈ લખનૌ અને નોઈડા યુનિટે આ ડ્રગ કાર્ટેલના મુખ્યસુત્રધારની શિમલાથી ધરપકડ કરી છે.

સોમવારે મોડી રાત્રે લખનઉ અને નોઈડા પ્રાદેશિક એકમોની ટીમ દ્વારા આરોપીને તેના સહાયક અફઘાન દુભાષિયા સાથે પકડવામાં આવ્યો હતો. બંનેને બુધવારે નોઈડા લાવવામાં આવ્યા હતા અને મેજિસ્ટ્રેટ સમક્ષ રજૂ કરવામાં આવ્યા હતા અને જેલમાં મોકલવામાં આવ્યા હતા. અધિકારીઓના જણાવ્યા મુજબ ગયા અઠવાડિયે ચાર અફઘાન નાગરિકો અને એક ઉઝબેક મહિલા સહિત આઠ ડ્રગ પેડલર પકડાયા હતા. જેમની પાસેથી ડીઆરઆઈ ને ચોક્કસ ઈનપુટ મળ્યા હતા કે ભારતમાં ડ્રગ કાર્ટેલનો મુખ્યસુત્રધાર હિમાચલ પ્રદેશ ભાગી ગયો છે.

વ્યાપક ડિજિટલ સર્વેલન્સ અને મોનિટરિંગ પછી આરોપીને

● અનુસંધાન પાન-૭ પર

# હાઈવે કાયમી બંધ ન કરી શકાય : સુપ્રીમ

## ખેડૂત આંદોલનથી પાટનગરની પાસેના હાઈવે બંધ : શાહીનબાગ ધરણા પર ચુકાદો આપતા આંદોલનના નામે રસ્તાને લાંબો સમય રોકાય નહીં એમ સુપ્રીમે કહ્યું હતું

નવી દિલ્હી, તા.૩૦

ખેડૂત આંદોલનના કારણે દિલ્હીની બોર્ડર પરના રસ્તાઓ ઘણા સમયથી બંધ છે ત્યારે સુપ્રીમ કોર્ટે કહ્યુ છે કે, કોઈ પણ હાઈવેને કાયમી ધોરણે બંધ કરી શકાય નહીં. આ પ્રકારના મામલા પર પહેલા પણ કોર્ટ આદેશ આપી ચુકી છે પણ સરકાર આદેશનો અમલ કરવામાં નિષ્ફળ રહી છે.

ઉલ્લેખનીય છે કે, નોઈડાની એક રહેવાસી મોનિકા અગ્રવાલે આ મામલામાં માર્ચ મહિનામાં સુપ્રીમ કોર્ટ સમક્ષ પિટિશન કરી હતી. જેમા તેમણે દિલ્હી અને નોએડા વચ્ચેની અવર

● અનુસંધાન પાન-૭ પર

# વીઆર ચૌધરી ભારતીય વાયુસેનાના નવા પ્રમુખ



નવી દિલ્હી, તા.૩૦

એર ચીફ માર્શલ વીઆર ચૌધરી ભારતીય વાયુસેનાના નવા પ્રમુખ બની ગયા છે. તેમણે આરકેએસ ભદૌરિયાની જગ્યા લીધી છે. એર ચીફ માર્શલ વિવેક રામ ચૌધરી જે ચીન સાથેનું સંકટ ચરમ સીમાએ હતું ત્યારે લદાખ સેક્ટરના પ્રભારી હતા તેમણે ગુરૂવારે એર ચીફ માર્શલ આરકેએસ ભદૌરિયા પાસેથી નવા વાયુ સેના પ્રમુખ તરીકે પદભાર સંભાળ્યો હતો. વર્તમાન વાયુસેના અધ્યક્ષ આરકેએસ ભદૌરિયા આજે વાયુસેનામાંથી નિવૃત્ત થયા. રિટાયરમેન્ટ પહેલા નિવર્તમાન વાયુસેના ચીફે આજે દિલ્હી ખાતે રાષ્ટ્રીય યુદ્ધ સ્મારક પર શ્રદ્ધા સુમન અર્પિત કર્યા હતા. આરકેએસ ભદૌરિયા ૪૨ વર્ષની સેવા બાદ સેવાનિવૃત્ત થયા છે. આ દરમિયાન તેમણે ૩૬ રાફેલ અને ૮૩ માર્ક૧એ સ્વદેશી તેજસ જેટ સહિત ૨ મેગા લડાકુ વિમાનના સોદામાં મહત્વની ભૂમિકા ભજવી હતી.

# દેશમાં ૨૨ એમ્સ, ૧૦૦ મેડિકલ કોલેજો નિર્માણ પામશે : મોદી

## રાજસ્થાનમાં નવી ચાર મેડિકલ કોલેજોનો વડાપ્રધાને શિલાન્યાસ કર્યો : ૬ વર્ષમાં નવી ૧૭૦ મેડિકલ કોલેજો બની છે, ૨૦૧૪માં દેશમાં કુલ મેડિકલ બેઠકો ૮૨૦૦૦ હતી જે વધીને ૧.૪૦ લાખ થઈ હોવાનો મોદીનો દાવો

નવી દિલ્હી, તા.૩૦

પીએમ મોદીએ આજે રાજસ્થાનમાં નવી ચાર મેડિકલ કોલેજોનો શિલાન્યાસ કર્યો હતો અને આ દરમિયાન તેમણે રાજસ્થાનના કોંગ્રેસના સીએમ અશોક ગહેલોટનો આભાર પણ માન્યો હતો. પીએમ મોદીએ પોતાના સંબોધનમાં કહ્યુ હતુ કે, ભારતે હવે કોવિડ જેવી આપત્તિ સમય આત્મનિર્ભર બનવાનો સંકલ્પ લીધો છે. રાજસ્થાનમાં ચાર મેડિકલ કોલેજોના નિર્માણ માટે શિલાન્યાસ આ દિશામાં લેવાયેલુ વધુ એક પગલુ છે. હું રાજસ્થાનના મુખ્યમંત્રી અશોક ગહેલોટનો આભાર માનુ છું. તેમણે મારા પર ભરોસો મુક્યો છે.



લોકશાહીના આ જ તાકાત છે. તેમની વિચારધારા અને પાર્ટી મારા કરતા અલગ છે પણ અશોક ગહેલોટે મારા પર જે ભરોસો મુક્યો છે તેના કારણે તેમણે જે કામો થયા છે તેનુ લાંબુ લિસ્ટ પોતાના ભાષણમાં ગણાવ્યું છે. પીએમ મોદીએ સાથે સાથે સેન્ટ્રલ ઈન્સ્ટિટ્યુટ ઓફ પેટ્રોકેમિકલ્સ ટેકનોલોજીનુ ઉદઘાટન પણ કર્યુ હતુ. આ ઈન્સ્ટિટ્યુટની સ્થાપના ભારત સરકાર અને રાજસ્થાન સરકારે ભેગા થઈ ને કરી છે. જે યુવાઓને પેટ્રોકેમિકલ ક્ષેત્રમાં કામ કરવા માટે તાલીમ આપશે.

પીએમ મોદીએ કહ્યુ હતુ કે, કોવિડ મહામારી બાદ હેલ્થ સેક્ટરમાં ભારતે આત્મનિર્ભર થવાનો સંકલ્પ લીધો છે અને તેના ભાગરૂપે પછાત જિલ્લાઓમાં ત્રણ તબક્કામાં નવી ૧૫૭ મેડિકલ કોલેજોને મંજૂરી આપી છે. તેમણે કહ્યુ હતુ કે, છેલ્લા ૬ વર્ષથી હેલ્થ સેક્ટરની ખામીઓ દુર કરવા માટે કોશિશ થઈ રહી છે.




## બેસણું



સ્વ. પુષ્પાબેન નવનીતલાલ પાઠક
સ્વ. તા. ૨૭/૯/૨૦૨૧

અમારા માતૃશ્રી **પૂજ્ય પુષ્પાબેન નવનીતલાલ પાઠક** તારીખ : ૨૭/૯/૨૦૨૧ને સોમવારના રોજ રંગશરણ થયા છે. **સદ્‍ગતનું બેસણું તારીખ : ૨/૧૦/૨૦૨૧ને શનિવારના રોજ સાંજે ૫.૦૦ થી ૭.૦૦ કલાકે** રાખેલ છે.

: સ્થળ :
પ્રજાપતિ સમાજની વાડી
દત્તમંદિર પાછળ, વસંતકુવરબા સ્કૂલ સામે,
સેક્ટર-૨૮, ગાંધીનગર

લિ.
શૈલેશ નવનીતલાલ પાઠક
સિદ્ધાર્થ નવનીતલાલ પાઠક
યોગેશ નવનીતલાલ પાઠક

